Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पुस्तक
९९

# શ્રી આત્માનંદ પ્રકાશ

માહે નવેમ્બર ૨૦૦૧ થી માહે ઓક્ટોબર ૨૦૦૨


શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-2 * Issue-1-2
Nov. Dec-2001
દ્વિતીય આસો-કારતક
નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૧
આત્મ સંવત : ૧૦૬
વીર સંવત : ૨૫૨૮
વિક્રમ સંવત : ૨૦૫૮
પુસ્તક : ૯૯

लोभान्नरो भवेद् रक्षो लोभात् पापपरम्परा ।
लोभी कपर्दिकामूल्यो लोभी मृत्वैति दुर्गतिम् ॥

*

લોભને લીધે માણસ રાક્ષસ જેવો ક્રૂર બની જાય છે. લોભ બીજાં અનેક પાપોને જન્માવે છે. લોભી માણસ કોડીનો લાગે છે. લોભિયાની મરણોત્તર ગતિ દુર્ગતિ હોય છે. ૩૪

*

A person blind with greed, becomes cruel like a demon. From greed springs a series of sins. A greedy person is worth a cowrie and falls into a bad state after death. 34

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૩૪, પૃષ્ઠ-૧૨૯)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શેત્રુંજયના રાજા | મુકેશ સરવૈયા | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | પ્રમોદકાંત ખી. શાહ | ૨ |
| (૩) | સેવાની ધારણા વાસના પ્રેરિત હોય તો તે અંતરતપ બની શકે નહિ | મહેન્દ્ર પુનાતર | ૫ |
| (૪) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૮ |
| (૫) | શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણકની આરાધના કેવી રીતે કરશો | રજુકર્તા : દિવ્યકાંત એમ. સલોત | ૧૨ |
| (૬) | સાંપ્રદાયિકતાના ચશ્મા પહેરીને ભગવાન મહાવીર દેખાશે નહીં ! | કુમારપાળ દેસાઈ | ૧૫ |
| (૭) | વિશ્વ વ્યવસ્થા | નરોત્તમદાસ કપાસી | ૧૭ |


**સભાના નવા આજીવન મેમ્બરશ્રી**

ડૉ. હિતેષભાઈ પી. ધ્રુવ (પ્લાસ્ટીક સર્જન) રાજકોટ

### શ્રી જૈન આત્માનંદ સભા--ભાવનગર દ્વારા

### * જ્ઞાનપંચમી મહોત્સવની ઉજવણી *

શ્રી જૈન આત્માનંદ સભા--ભાવનગર દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સં. ૨૦૫૮ના કા.સુ.૫ મંગળવાર તા. ૨૦-૧૧-૦૧ના રોજ જ્ઞાનપંચમીના પાવન પર્વને અનુલક્ષી સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી લાઈટ ડેકોરેશનપૂર્વક કરવામાં આવી હતી.

સવારના ૬=૦૦ વાગ્યાથી રાત્રિના ૯=૦૦ વાગ્યા દરમ્યાન પૂ. સાધુ--સાધ્વીજી ભગવંતો, સકળ સંઘના શ્રાવક--શ્રાવિકા ભાઈ--બહેનો તથા નાના--નાના બાલક--બાલિકાઓએ આ જ્ઞાન ગોઠવણીના શ્રદ્ધા પૂર્વક દર્શન--વંદનનો લાભ લીધો હતો. ઘણા બાળકોએ કાગળ--કલમ આદિ સાથે લાવીને જ્ઞાનની પૂજા ભક્તિભાવ પૂર્વક કરી હતી.

સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે આવનાર વિશાળ ભાવિક દર્શનાર્થીઓના સમૂહને જોઈ ટ્રસ્ટીગણે ઊંડા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર
**શ્રી જૈન આત્માનંદ સભા**
ભાવનગરનું મુખપત્ર
**શ્રી આત્માનંદ પ્રકાશ**
તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ
ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫
**: માલિક તથા પ્રકાશન સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,
ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**
(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# શેત્રુંજયના રાજા

ઓ શેત્રુંજયના રાજા,
તારે દ્વારે વાગે વાજા;
તારા દર્શન કરતાં કરતાં,
પાપી પાવન થાતાં;
ઓ શેત્રુંજયના......

પાલીતાણા તીર્થ મનોહર,
ભવની ભાવટ ભાગે;
આદિશ્વરના દર્શન કરતાં,
સહુના આતમ જાગે;
મુર્તિ તારી એવી મનોહર,
નયને અમીરસ ઝરતાં;
ઓ શેત્રુંજયના......

દીન દુઃખીયાનો બેલી પ્રભુજી,
મહિમા તારો મોટો;
ત્રણ લોકમાં તીરથ ન એવું,
જેનો મળે ના જોટો;
ભવભવ ભમતા થાક્યો પ્રભુજી,
આજે પામ્યો શાતા;
ઓ શેત્રુંજયના......

સિદ્ધાચલની યાત્રા કરીને,
ભાવિક ભક્તો બોલે;
માનવ મટીને દેવ બને જો,
સાચુ અંતર ખોલે;
આદિશ્વરની મુર્તિ મનોહર,
દેખી નયનો ઠરતાં;
ઓ શેત્રુંજયના......

ચૌદ ભુવનના સ્વામિ અમારા, અવગુણ ચીતના ધરજો;
આ અવનીમાં ભટકી રહ્યો છું, ભવના ફેરા હરજો;
દાસ મનુ તમ ચરણ પડીને, ભક્તિ ગીતો ગાતા;
ઓ શેત્રુંજયના......

*—રજૂકર્તા : મુકેશ સરવૈયા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

પ્રમોદકાંત ખીમચંદ શાહ

''શ્રી આત્માનંદ પ્રકાશ'' માસિક ૯૮ વર્ષ પુરા કરી ૯૯માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો પાંચ વર્ષ પુરા કરી એકસો છ માં વર્ષમાં પ્રવેશ કરે છે. જે આપણા સર્વને માટે આનંદ અને ગૌરવની વાત છે.

''શ્રી આત્માનંદ પ્રકાશ'' આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું અને સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું આ માસીક સારી પ્રગતિ કરી રહ્યું છે.

અમે આ માસીકમાં વિદ્વાન પૂ. ગુરુ ભગવંતોના લેખો, જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના લેખો, વિદ્વાન લેખક-લેખિકાઓ તેમ જ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઈતિહાસના લેખો, વ્યક્તિ ભાવના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલા પ.પૂ. ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધાર્મિક અનુષ્ઠાનો--આરાધનાઓ--ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા એક નજર કરીએ.

શ્રી જૈન આત્માનંદ સભા જૈન સાહિત્ય તેમ જ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ ''શ્રી દ્વાદ્‌શારં નયચક્રમ''ના ત્રણ ભાગોનું આપણી સંસ્થાએ પ્રકાશન કરેલ છે, જેની દેશ--પરદેશ જેવા કે જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરિકા વિગેરે દેશોમાં સારી માંગ છે. તેના પહેલા ભાગનું (પુનઃ મુદ્રણ) પણ સં. ૨૦૫૪ની સાલમાં કરવામાં આવેલ હતું. પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલ ''ઠાણાંગ સૂત્ર''નું પણ ચાલુ વર્ષમાં પ્રકાશન કરવામાં આવશે.

આપણી સભાએ સભાના સ્થાપનાના ૧૦૧માં વર્ષમાં પ્રવેશ વખતે પ.પૂ આચાર્યદેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ''શ્રી તીર્થંકર ચરિત્ર'' (સચિત્ર) નું પ્રકાશન કરેલ છે. આજ સુધીમાં સભાએ સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી એવા ૨૫૦ ગ્રંથોનું પ્રકાશન કરેલ છે.

આ સભા પોતાની માલિકીના વિશાળ મકાનમાં જાહેર ફ્રી વાંચનાલય ચલાવે છે. જેમાં સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમ જ મુંબઈના દૈનિક વર્તમાન પત્રો, વ્યાપારને લગતા અઠવાડિકો તથા જૈન ધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસીકો વાંચન અર્થે મુકવામાં આવે છે, જેનો જૈન-જૈનેતર ભાઈઓ બહોળા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

ધાર્મિક પ્રવૃત્તિઓઃ---સં. ૨૦૫૭ના જેઠ વદ ૧૧ને રવિવાર તા. ૧૭-૬-૨૦૦૧ના રોજ ઘોઘા, તળાજા, દાઠા, શેત્રુંજી ડેમ તથા પાલીતાણા--તલાટી તીર્થનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ યાત્રા પ્રવાસમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ સારી એવી સંખ્યામાં જોડાયા હતા. યાત્રામાં ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી. તેમ જ યાત્રાપ્રવાસ-પંચ તીર્થી અનેરા ભક્તિભાવ પૂર્વક અને ઉલ્લાસસહ પરિપૂર્ણ થયો હતો.

સભા વિકાસના પંથે:---કોઈ પણ સંસ્થા માટે તેના વિકાસ અને નિભાવ માટે સમય જતાં નાણાકીય જરૂરિયાતો ઉભી થતી હોય છે. તેમાં વળી આપણી ''શ્રી જૈન આત્માનંદ સભા'' જેવી એકસો પાંચ વર્ષથી અવિરત પણે કાર્યશીલ સંસ્થાને વધુ વિકસાવવી, તેને નિભાવવી અને તેને ગુજરાત-સૌરાષ્ટ્રમાં જૈન ધર્મના પ્રચાર-પ્રસાર અને કેળવણીના ઉત્તેજનક્ષેત્રે પણ મૂલ્યવાન કરી અગ્રીમ હરોળમાં અડીખમ રીતે ટકાવી રાખવી એ એક ભગીરથ કાર્ય છે.

આ ઉમદા ધ્યેયને લક્ષમાં રાખી સં. ૨૦૫૬માં મુંબઈ તેમ જ અન્ય સ્થળોએથી સારું એવું ભંડોળ એકત્ર કરવામાં આવેલ હતું. ચાલુ વર્ષે મુંબઈ સ્થિત ભાવનગરના ડો. શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતાએ સભાના લાઈબ્રેરી હોલના નામકરણ માટે રૂા. ૧,૫૧,૦૦૦।--ની ઉદાર રકમ આપેલ છે અને સભાના લાઈબ્રેરી હોલને ''શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા તથા શ્રીમતી સાવિત્રીબેન રમણિકલાલ મહેતા લાઈબ્રેરી હોલ'' નામ આપવામાં આવેલ છે.

**અન્ય પ્રવૃત્તિઓ :—**

(૧) સં. ૨૦૫૭ના કારતક સુદ પાંચમના રોજ સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા દરમ્યાન અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, સકળ શ્રીસંઘના શ્રાવક-શ્રાવિકા ભાઈ-બહેનો તથા નાના-નાના બાલક-બાલિકાઓએ હોંશપૂર્વક જ્ઞાનની ગોઠવણી નિહાળવા, દર્શન--વંદન અને જ્ઞાનપૂજનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

(૨) તા. ૧૪-૧૦-૨૦૦૧ ને રવિવારના રોજ લાઈબ્રેરી હોલનો નામકરણ વિધિ તથા શ્રી જૈન આત્માનંદ સભા તથા ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજયુકેશનલ ટ્રસ્ટ-મુંબઈના સહયોગથી શૈક્ષણિક સહાય એનાયત સમારંભનું આયોજન કરવામાં આવેલ, તેમ જ ન્યુ એસ.એસ.સી.માં સંસ્કૃત વિષયમાં ૮૦ ટકાથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર જૈન સમાજના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનું કલાત્મક મોમેન્ટો તથા રૂા. ૨૦૦।- સુધીના રોકડ ઈનામો, તથા અભિનંદન પ્રમાણપત્રો ડો. શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા તથા ડો. પંકજભાઈ આર. મહેતાના વરદ્ હસ્તે આપવામાં આવેલ.

સં. ૨૦૫૭માં ૧૩ પેટ્રનો તથા ૮ આજીવન સભ્યો થયા છે.

આ સભાની પ્રગતિમાં પ.પૂ. ગુરુ ભગવંતો, પ.પૂ. સાધ્વીજી મહારાજો, વિદ્વાન લેખક-લેખિકાઓ, પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ વિગેરેએ જે સાથ-સહકાર આપેલ છે તે સર્વનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું જીવન આનંદ અને ઉલ્લાસપૂર્વક વૃદ્ધિવંત બનો તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના અને શુભેછાઓ સહ નૂતન વર્ષાભિનંદન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુષ્કરં પરગુણોત્કીર્તનમ...

*આચારાંગ સૂત્ર*

એક કરોડ રૂપિયાનું દાન હજી શક્ય છે,
માસમખણની તપશ્ચર્યા હજી કદાચ સરળ છે,
જિંદગીભરના બ્રહ્મચર્યનો પડકાર ઝીલી લેવામાં ય
હજી કદાચ સફળતા મળી શકે છે

પરંતુ બીજાના નાનકડા પણ ગુણ પાછળ પાગલ
બની જવા માટે મન તૈયાર થતું નથી.
અન્યના નાનકડા પણ ગુણની પ્રશંસા કરવા માટે
જીભ તત્પર બની જવા માટે તૈયાર થતી નથી.
સંપત્તિ છૂટથી વાપરવા તૈયાર થઈ જતું મન
અન્યના ગુણોના દર્શને છૂટથી પ્રશંસાના શબ્દો
વાપરવા તૈયાર થઈ જતું નથી.

પ્રભુ !

અહંકાર અમારો આટલો બધો ભયંકર ? સત્કાર્યો કરવા એ તૈયાર થઈ જાય પણ અન્યના સત્કાર્યો જોઈને એ રાજી થવા તૈયાર ન થાય ? આનો અર્થ તો એ જ થયોને કે અમને 'અમે' ગમીએ છીએ પણ 'સત્કાર્યો' નથી ગમતા !

એક વિનંતી છે પ્રભુ ! અમને સ્વપ્રશંસા માટે જીભ તો લાંબી મળી જ છે, પરગુણ પ્રશંસા માટે અમને તમે પહોળું હૃદય આપી દો.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સેવાની ધારણા વાસના પ્રેરિત હોય તો તે અંતરતપ બની શકે નહીં

—મહેન્દ્ર પુનાતર

અંતરતપના બે ચરણો પ્રાયશ્ચિત અને વિનય અંગે આપણે જાણવાની કોશિશ કરી હવે ત્રીજું અંતરતપ છે વૈયાવૃત્ય. વૈયાવૃત્યનો અર્થ છે સેવા. વૈયાવૃત્યનો સામાન્ય જે અર્થ બતાવવામાં આવ્યો છે તે મુજબ મોટા આચાર્ય, તપસ્વી, જ્ઞાની, મુનિ એવા ગુણવાનોની આહાર, વસ્ત્ર આદિ ઉપયોગી વસ્તુઓથી તેમની સેવા, ભક્તિ કરવી તે છે. સાધુ મહારાજો અને ખાસ કરીને વૃદ્ધ સાધુઓની સેવા-ચાકરી કરવી એ શ્રાવકોનું કર્તવ્ય છે. મહાવીરનો વૈયાવૃત્યનો અર્થ આટલો સીમિત નથી. તે તો મનુષ્યને તેના આત્યંતિક શિખર પર વિશાળ ફલક પર લઈ જાય છે. એટલે વૈયાવૃત્યનો ગર્ભિત અર્થ આપણે સમજવો જરૂરી છે. અન્ય ધર્મોએ સેવાનો જે મહિમા ગાયો છે તેના કરતાં વૈયાવૃત્યની ભાવના અનોખી છે. તેમાં સાધુ મહારાજોની સેવા તો આવે છે પણ સાથે સાથે દુ:ખી અને પીડિત લોકોની સેવાનો મર્મ પણ સમજાવવામાં આવ્યો છે. જૈનધર્મનો વૈયાવૃત્યનો અર્થ સહી અર્થમાં સમજાયો નથી એટલે લોકો માની રહ્યા છે કે જૈનધર્મમાં સેવાને મહત્ત્વ અપાયું નથી. હકીકતમાં જૈન ધર્મમાં વૈયાવૃત્યની જે ભાવના છે, જે ધર્મ છે, તેની તોલે કોઈ આવી શકે તેમ નથી.

સેવા દ્વારા પુણ્ય મળશે. મુક્તિ મળશે, મોક્ષ મળશે એવો અર્થ અન્ય ધર્મોએ બતાવ્યો છે. આમાં સેવા સાધન છે અને મુક્તિ લક્ષ્ય છે. આ સેવામાં પ્રયોજન રહેલું છે. કોઈપણ જાતના પ્રયોજન, હેતુ કે અપેક્ષા વગરની આ સેવા નથી. આ સેવામાં કાંઈક પ્રાપ્ત કરવાનું છે પછી ભલે તે યશ હોય, કીર્તિ હોય, મુક્તિ હોય કે મોક્ષ હોય. સેવાની આ ધારણા વાસના પ્રેરિત છે. મહાવીરની સેવામાં કોઈપણ જાતનું પ્રયોજન કે હેતુ નથી. જેમાં કાંઈ પણ મેળવવાનું હોય, પ્રાપ્ત કરવાનું હોય તેને સેવા ગણી શકાય નહીં. જૈન ધર્મની વૈયાવૃત્યની ભાવના, સેવા એકદમ નિષ્પ્રયોજન અને હેતુ રહિત છે. એમાં કશું મેળવવાનું નથી.

પરંતુ જેમાં કાંઈજ મળવાનું ન હોય એવી સેવા કોણ કરે ? એટલે જ તેને અંતરતપ કહ્યું છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે અતીતમાં આપણે જે કર્મો કર્યા છે તેના વિસર્જન--પ્રક્ષાલન માટે વૈયાવૃત્ય જરૂરી છે. આ સેવામાં કોઈ પ્રયોજન નથી. કશું મેળવવાનું નથી પરંતુ કર્મનો કચરો જે એકઠો થઈ ગયો છે. તેની નિર્જરા થશે, તેનું વિસર્જન થશે. જે કાંઈ ખોટું થયું છે તેને મીટાવવાનું છે. ભૂતકાળના પાપોનું આ પ્રાયશ્ચિત છે.

આ સેવામાં ગૌરવ લેવાનું કે અભિમાન કરવાનું રહેતું નથી. મનમાં જો અહંકારની પુષ્ટિ થાય તો તે વૈયાવૃત્ય ગણાય નહીં. આ એક તપ છે પ્રાયશ્ચિત છે એમાં અહંકારને કોઈ સ્થાન નથી આપણે જાણતા અજાણતા ભવોભવની યાત્રામાં જે કાંઈ ખોટુ કર્યું છે તેને દૂર કરીને ખાતુ સરભર કરવાનું છે. એમાં કોઈ પુણ્ય મેળવવાનું નથી પણ ઋણ અદા કરવાનું છે.

સેવા કરવાવાળા માણસો પોતાને સેવક માને છે અને ગૌરવ અનુભવે છે. જૈન ધર્મ કહે છે જેમાં સેવકનું અસ્તિત્વ છે એ સેવા નથી. સેવક બન્યા વગર સેવા થઈ જવી જોઈએ. એમાં કોઈ પ્રચાર હોય નહીં, પ્રતિષ્ઠા હોય નહીં, ગૌરવ હોય નહીં અને અહંકાર હોય નહીં એમ છતાં સામા માણસ પ્રત્યેનું આપણું કર્તવ્ય નિભાવીએ એનું નામ વૈયાવૃત્ય. આમાં સેવાનો ઝંડો લઈને ફરવાની જરૂર નથી કે આ અંગે કોઈ નિશ્ચય કરવાની જરૂર નથી કે મોકો શોધવાની જરૂર નથી. જ્યાં પણ આપણે હોઈએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલતા ચાલતા, ઊઠતા બેસતા, કોઈપણ સ્થળે સમયે કોઈને કાંઈ રાહત કે મદદની જરૂર પડી તો તે કર્તવ્ય પૂરું કરીને ચાલતી પકડીએ. સામા માણસ પાસેથી આભારની વાત સાંભળવા કે અનુગ્રહિત થવા માટે પણ થોભીએ નહીં. સેવા કરી છે એવું માનીએ પણ નહીં એક હવાની લહેરની જેમ કામ પતાવીએ બહાર નીકળી જઈએ અને માત્ર એટલું યાદ રહે છે મેં જે કાંઈ કર્યું છે તે પાપનું પ્રાયશ્ચિત છે. અતીતમાં મેં કોઈને સતાવ્યા હશે, રડાવ્યા હશે, પિડા અને દુઃખ આપીને કર્મો બાંધ્યા હશે તેની આ નિર્જરા છે, પ્રક્ષાલન છે.

સેવામાં જરાપણ વાસના રહે, કાંઈ મેળવવાની અપેક્ષા રહે, કાંઈ વિશેષ કાર્ય કર્યું છે તેવો અહોભાવ રહે અને અહંકારને પૃષ્ટિ મળે તો નવા કર્મો બંધાય છે. સેવા માટે દોડવાની કે ફાંફા મારવાની જરૂર નથી. આમાં પોતાની જાતને ખુલ્લી રાખવાની છે અને જ્યાં સેવા કરવાનું જરૂરી જણાય ત્યાં પોતાની જાતને રોકવાની નથી. સેવા કરીને સુખને કે સ્વર્ગને શોધવાનું નથી આપણે મુક્તિ કે પુણ્ય મેળવવા માટે બીજાના દુઃખને સાધન બનાવીએ કે તેમના દુઃખનું શોષણ કરીએ તો એ અંતરતપ કેવી રીતે કહી શકાય? વૈયાવૃત્ય એટલે ચૂપચાપ કર્તવ્ય નિભાવીને બહાર નીકળી જવાનું. સેવા કરી છે એવો સ્વયંને પણ અહેસાસ ઊભો થવો જોઈએ નહીં. વૈયાવૃત્ય દ્વારા અતીતમાં જે કાંઈ થયું છે તેમાંથી બહાર નીકળી જવાનું છે. સેવાથી શું મળશે એવો પ્રશ્ન જ્યારે થાય છે ત્યારે એ સેવા રહેતી નથી. સોદાબાજી બની જાય છે. મહાવીર કહે છે સેવાથી કશુ મળશે નહીં. કર્મોનો કચરો કપાશે, કાંઈક છૂટશે અને કાંઈક જે માર્ગમાં અંતરાય છે તે હટશે, દૂર થશે, આમાં કરવાનું છે પરંતુ કર્તા બનવાનું નથી. વૈયાવૃત્ય મનુષ્યની મનુષ્ય પ્રત્યેની કઠિન સાધના છે. એટલે તેને અંતરાતપ કહ્યું છે.

*(મુંબઈ સમાચાર તા. ૪-૧૦-૯૮ના 'જિનદર્શન' વિભાગમાંથી સાભાર)*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ડોન : કૃષ્ણનગર, વડવા પાનવાડી, રૂપાણી-સરદારનગર, ભાવનગર-પરા, રામમંત્ર-મંદિર, ઘોઘા રોડ શાખા, શિશુવિહાર (રૂવાપરી)

### તા. ૧-૪-૨૦૦૧ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૯ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ અંદર | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૧૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૮૫ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.

❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.

❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.

બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
નિરંજનભાઈ ડી. દવે — મેનેજિંગ ડીરેક્ટર
વેણીલાલ એમ. પારેખ — ચેરમેન


For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

વંદના જેઠસુદિ–૧૩

## પત્ર–૧૮

જેઠ સુદિ ૧૩ સવારે નીકળ્યા નવેક વાગે. વચમાં ભીમતલા વિરહી વગેરે ગામ આવ્યાં. વિરહી પાસે વિરહીગંગા અલકનંદાને મળે છે. સફેદ દૂધ જેવી વિરહીગંગા નદી છે. મોટો એનો પટ છે. ઉતરવા માટે કોઈ સ્થાન જ નહોતું. ક્ષેત્રપાલથી ૧૧ કિલોમીટર ચાલીને સમભાના આશ્રમે આવ્યા.

આશ્રમ મોટો છે. પણ આશ્રમવાળાઓએ કહ્યું કે, અમારે ત્યાં કથા ચાલવાની છે. જગ્યા નથી. આશ્રમમાં ગુજરાતીઓએ ખૂબ પૈસા આપેલા છે. પૈસા આપનારાના નામોની યાદીથી ત્રણ ભીંતો ભરેલી હતી. આશ્રમમાં જગ્યા ન મળી, એટલે ત્યાંથી ત્રણ કીલોમીટર દૂર વિશ્વહિંદુ પરિષદનું મકાન આવે છે. ત્યાં લગભગ સાડા બારે પહોંચ્યા. હકીકતમાં કથા હતી જ નહિ. સમભાવ આશ્રમમાં, પણ જગ્યા આપવી ન આપવી એ એમની મરજીની વાત હતી.

વિશ્વ હિંદુ પરિષદના મકાનમાં ઊતર્યા, એમણે કહ્યું કે રાત્રે યાત્રિકો આવવાના છે. જગ્યા બુક થઈ ગઈ છે. સાંજે ઉપાડવું પડશે. અમે તો ઉતર્યા, બધે સ્થળે પૈસાનો વ્યવહાર થઈ ગયો છે.

વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર ત્યાં મદનલાલ તિવારી છે. મૂળ હુમાયુ જિલ્લાના છે. આજુ બાજુના પહાડી લોકોને શિક્ષણ આપવા માટે ૬૦ સ્કુલો ચલાવે છે. તેમાં ત્રીસ સ્કુલોનો ખર્ચ દર વર્ષે ત્રણ લાખ જેટલો આવે છે તે ઋષિકેશ પરમાર્થ નિકેતનવાળા ચિદાનંદજી સરસ્વતી (મુનીજી) આપે છે. જયારે ચિદાનંદજી અમને ઋષિકેશમાં મળ્યા ત્યારે અમને કહ્યું હતું કે વિશ્વ હિંદુ પરિષદ દ્વારા ભારતમાં દસ હજાર સ્કુલો ચલાવવાની તથા કાશીના ચોરાસી ઘાટોને શુદ્ધ--સ્વચ્છ કરવાની મેં જવાબદારી લીધી છે. આ રીતે આ સંન્યાસીઓ લોકોપયોગી--સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરી રહ્યા છે. ચિદાનંદજીએ વિશ્વ હિંદુકોશ તૈયાર કરવાનું કામ પણ ઉપાડ્યું છે. આવતા વર્ષથી એનું મુદ્રણ શરૂ થશે એમ કહેતા હતા. કરોડો રૂપિયાના ખર્ચે આ વિશ્વ હિંદુકોષ તૈયાર થવાનો છે -- થઈ રહ્યો છે. આમાં જૈન--બૌદ્ધ શબ્દો પણ એ લઈ લેવાના છે. હિંદુ શબ્દથી વૈદિક, બૌદ્ધ--જૈન આદિ બધા પ્રાચીન ભારતીય સંપ્રદાયોને એમણે સમાવી લીધા છે.

વિશ્વહિંદુ પરિષદ દ્વારા ભૂકંપ પીડિતોને રાહત આપવા વગેરેનું કામ પણ ચાલે છે.

વિશ્વહિંદુ પરિષદના મકાને પહોંચતા પહેલાં રસ્તામાં એક યુવક અને યુવતી લાકડાઓનો મોટો ભારો ઉપાડીને ચડતાં હતાં. અમે ચડતાં ચડતાં હાંફી જતા હતા. અને આ લોકો આટલો બધો જબરજસ્ત ભાર ઉપાડીને ચડતાં જોઈને અમે પૂછયું કે તમને કેટલું બધું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષ્ટ થતું હશે. વાતો કરતાં ખબર પડી કે યુવક ગ્રેજ્યુએટ B.A. થયેલો હતો. કોઈ નોકરી મળતી નથી, એટલે આ બધી પરિશ્રમવાળી જિંદગી જીવીએ છીએ. એમને બહુ કષ્ટ લાગતું પણ નથી. ટેવાઈ ગયા છે. લાકડાં બળતણ માટે લઈ જઈએ છીએ. વેચવા માટે નહિ. જો ગામમાં ખબર પડે કે કોઈ આ રીતે લાકડા કાપીને વેચે છે, તો એનો સમાજ બહિષ્કાર કરી દે છે. યુવક સાથે હિંસા--અહિંસા સંબંધી વાતો થઈ એને ખૂબ આનંદ થયો કે આજે સાચા બાબાના દર્શન થયાં. અહિંસાની વાત કરીએ તો લોકો ખૂબ પ્રેમથી સ્વીકારે છે. --સાંભળે છે.

અહીં સારામાં સારા ભણેલા--ગણેલા યુવક--યુવતીઓ લાકડાં કાપવામાં, પહાડોના કપરા પ્રદેશોમાં જઈને ઘાસ કાપવામાં તથા ભાર ઉપાડીને ઉપર ચડવા ઉતરવામાં જરાપણ સંકોચ કે શરમ અનુભવતા નથી, આ ખાસ ધ્યાન ખેંચવા જેવી વાત આપણા લોકો માટે છે.

વિશ્વહિંદુ પરિષદના મકાનથી સાંજે મુકામ ઉપાડીને બે કીલોમીટર પિપલકોટી જવા નીકળ્યા. પીપલકોટી નાનકડું બજાર જેવું ગામ છે. ઉતરવાની કોઈ જગ્યા જ નહિ. અમદાવાદના રાજમાર્ગ ઉપર હોય તેવી બદ્રીનાથ જતા--આવતા વાહનોની ભીડ. સડક ઉપરથી નીચે ખૂબ ખૂબ ઊતરીને એક પ્રાથમિક સ્કુલ હતી. ત્યાં મુકામ કર્યો. નદીકિનારે સ્કુલ હતી. રાત્રે જીવાત ઊભરાઈ. જ્યાં જુઓ ત્યાં જીવાત જ જીવાત ફર્યા કરે. કોઈ ઉપાય હતો જ નહિ. વિરાધના પણ થઈ જ, શાસ્ત્રવચન યાદ આવ્યું કે **जत्थ चलं तत्थ वणं.** અને જ્યાં વનસ્પતિનું બાહુલ્ય હોય ત્યાં જીવાત પણ ક્યારે ઉભરાય એનો ભરોસો નહિ.

**પત્ર-૧૯ જેઠસુદ-૧૪**

પીપલકોટિથી બારેક કીલોમીટર દૂર ટંગણી જવા નીકળ્યા. છ કીલોમીટર ગયા પછી, ગરૂડગંગા સ્થાન આવે છે. અહીં ગરૂડગંગા નદી આવીને અલકનંદામાં ભળે છે. પ્રયાગ છે. ગરૂડનું મંદિર છે.

અહીં ચડાવ-ઉતાર આવ્યા જ કરે. ગરૂડગંગાનો પૂલ ઓળંગીને ચડતાં-ચડતાં ટંગણી તરફ જવા નીકળ્યા. રસ્તામાં એક સ્થળે બેઠા, ત્યાં રણજિતસિંહ નામે રજપૂત મળ્યા. એ પોતે પહેલાં ચીનમાં પણ કેટલોક વખત રહ્યા હતા.

ભારત--ચીનની સરહદે નીતિ નામનું ગામ છે. ત્યાંના એ વતની છે. ચીનમાં એનો ધંધો હતો, હવે તો લડાઈ પછી ચીનની સરહદ બંધ થઈ ગઈ છે. એમનો એક ભાઈ અમદાવાદ રહે છે. એમણે માહિતી આપી કે નીતિ પાસેથી ચારેક પડાવ કર્યા પછી કૈલાસ આવે છે. કૈલાસની પરિક્મા (પ્રદક્ષિણા) કરવા માટે આજે પણ ઘણા જાય છે માનસરોવર પણ એટલામાં આવે છે.

ત્યાંથી પછી અમે ટંગણી આવ્યા. સડકની તદ્દન નજીકમાં જ આવું વિશાળ સ્થાન હરિદ્વારથી નીકળ્યા પછી પહેલી જ વાર મળ્યું. પૂર્વ પ્રાથમિક વિદ્યાલય છે. આ પ્રદેશમાં બીજા ધોરણથી જ સંસ્કૃત શીખવવામાં આવે છે. લોકોને સંસ્કૃત ભાષા માટે બહુ આદર અને ગૌરવ છે. સ્કુલમાં ચારેબાજુ સંસ્કૃત સુભાષિતો લખેલા છે.

અહીંના લોકો ધર્મશ્રદ્ધાળું હોવાથી બ્રાહ્મણો પાસે જુદી જુદી જાતના ચંડીપાઠ જેવા કોઈ પાઠો કરાવતા હોય છે. એટલે નાની ઉંમરથી જ સંસ્કૃત ભાષા શીખ્યા હોય તો આવા પાઠો કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે. એટલે બીજા ધોરણથી સંસ્કૃત શીખવવાનું આ વર્ષથી શરૂ કરવામાં આવ્યું છે. પહેલાં ત્રીજા ધોરણથી શીખવતાં હતા.

આપણને આશ્ચર્ય થાય છે. આપણે ત્યાં સાતમી કે આઠમીથી શીખવતા હશે. મહારાષ્ટ્ર જેવામાં તો સંસ્કૃતને ભણવું કે ન ભણવું એ વિદ્યાર્થીની ઈચ્છા ઉપર છોડ્યું છે. આપણે ત્યાં સંસ્કૃતની દુર્દશા અને અહીં સંસ્કૃતનું કેવું ગૌરવ. અમને જાણી બહુ આનંદ થયો.

## પૂર્વ માધ્યમિક વિદ્યાલય પૈની

**વંદના. જેઠસુદ-૧૫**

આજે ટંગણીથી નીકળ્યા. વચમાં પાતાલગંગા નદી આવે છે. ટંગણીથી ચાર કિલોમીટર દૂર છે. ઉતરાણ જ ઉતરાણ એમ જ લાગે કે પાતાળમાં જ આપણે જઈ રહ્યા છીએ. અહીં પાતાલગંગા અલકનંદાને મળે છે. પાતાલગંગાનો પુલ ઉતર્યા. ત્યાં ગણપતિનું મંદિર છે. કોઈ બાવાજી બેઠા હતા. થોડી વાત થઈ.

પછી ચડવાનું જ ચડવાનું મોટા મોટા પર્વતો, સડક આ પર્વતોને આમથી આમ વીંટતી ચાલ્યા જ કરે. કેટલાયે ચકાવાઓ ચકી ચડીને આજે પણ ૧૮ કીલોમીટર ચાલીને અહીં આવ્યા છીએ.

વચમાં ૧૧ કીલોમીટર ઉપર હેલંગ આવ્યું હતું. પણ હેલંગમાં તો રહેવાની જગ્યા જ ન હોતી. માત્ર એક તદન નાનકડી દુકાનમાં નોકારસી કરવા જેટલુંજ બેઠા એના ત્રણસો રૂપિયા શ્રાવકોને ચૂકવવા પડ્યાં. અહીં જનારા-આવનારા યાત્રાળુઓ--મુસાફરો પાસેથી પૈસા કમાવાનો આવો મોટો વ્યવસાય ચાલે છે.

પૈનીમાં વિશાળ જગ્યા છે. બપોર અમે પાથરીને બેઠા હતાં ત્યાં તો ઉપેન્દ્રભાઈ અણધાર્યા આવી પહોંચ્યા. તમે જિતુને આપેલો પત્ર તેમના દ્વારા મળ્યો. તમારા પ્રોત્સાહન શબ્દો વાંચીને અમને બધાને ખૂબ ખૂબ આનંદ થયો. ઉત્સાહ વધ્યો.

ઉપેન્દ્રભાઈએ કહ્યું કે શ્રેણીકભાઈ શેઠનો હુકમ થયો તે જાવ જલ્દી, અને તપાસ કરી આવો મહારાજ સાહેબની કેવી સ્થિતિ છે.

જૈન સંઘ કેવો જયવંતો છે, અમારી આટલી દૂર દૂરથી ખબર રાખે છે.

અમદાવાદમાં બદ્રીનાથના આદીશ્વર ભગવાન પધાર્યા છે. લોકોમાં ખૂબ ખૂબ ઉત્સાહ છે, દર્શન માટે ટોળે-ટોળાં ઊમટે છે, એ જાણી ખૂબ ખૂબ આનંદ થયો કે આદીશ્વર દાદાનો કેવો મહાન પ્રભાવ છે.

''એક વાતનો અમને હંમેશા સતત અનુભવ, આભાસ થઈ રહ્યો છે કે અમે ચાલતા નથી. કોઈ બીજું અદૃશ્ય તત્ત્વ અમને ચલાવી રહ્યું છે. અત્યંત કપરી, પહેલાં કોઈ અનુભવ વિનાની, ઠામ-ઠેકાણા વિનાની આ અમારી બદ્રીનાથની યાત્રા--હિમાલયની યાત્રા હોવા છતાં યે ગુજરાતમાં જેમ વિચરતા હોઈએ તેમ અત્યંત આનંદથી સહજતાથી અમે વિચરી રહ્યા છીએ. અનેક વિઘ્નો આવે છે તે પણ અમારા માટે લાભદાયક થાય છે. ઓચિંતો વરસાદ આવી પડે, અમારો કાર્યક્રમ છિન્ન-ભિન્ન થઈ જાય એમાં પણ આ અદૃશ્ય તત્ત્વનો સંકેત હોય છે. એ તત્ત્વ અમને રોકી રાખે છે, અને જરૂર લાગે ત્યાં આગળ પણ ધકેલે છે. આ અદૃશ્ય તત્ત્વ એ દેવ--ગુરૂની પરમ પરમ કૃપા જ છે.''

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર યોજિત લાઈબ્રેરી હોલ નામકરણ, સંસ્કૃત પારિતોષિક તથા શૈક્ષણિક સહાય વિતરણ સમારોહ.

ભાવનગરની નામાંકિત ૧૦૫ વર્ષથી માનદ્‌સેવાને વરેલી 'શ્રી જૈન આત્માનંદ સભા, દ્વારા ગત તા. ૧૪-૧૦-૦૧ને શનિવારના રોજ લાયબ્રેરી હોલ નામકરણ, સંસ્કૃત પારિતોષિક તથા શૈક્ષણિક સહાય વિતરણની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત આ સભાના લાઈબ્રેરી હોલના નામકરણ વિધિથી કરવામાં આવેલ. આ સભામાં લાઈબ્રેરી હોલના ડોનર ડો. શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતાના વરદ્‌હસ્તે આ નામકરણવિધિ કરવામાં આવેલ. આ લાઈબ્રેરી હોલનું નૂતન નામ "શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા તથા શ્રીમતી સાવિત્રીબહેન રમણિકલાલ મહેતા લાઈબ્રેરી હોલ" રાખવામાં આવેલ.

ત્યારબાદ મિકીતાબેન અને શ્વેતાબેનના પ્રાર્થના ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. સભાની કારોબારીના સભ્યશ્રી મનહરભાઈ મહેતાએ મુખ્ય મહેમાનો ડો.શ્રી રમણિકભાઈ મહેતા, ડો.શ્રી પંકજભાઈ મહેતા, ડો.શ્રી ઈલાબેન મહેતા, ડો.શ્રી નિલયભાઈ મહેતા આદિ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરેલ. મુખ્ય મહેમાન ડો.શ્રી રમણિકભાઈ મહેતાનો પરિચય સભાના માનદ્ મંત્રીશ્રી ચીમનલાલ વર્ધમાન શાહે આપેલ. સભા વિષે માહિતી આપતાં પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઈ શાહે જણાવેલ કે 'શ્રી જૈન આત્માનંદ સભા' છેલ્લા ૧૦૫ વર્ષથી જૈન શાસનની સેવા અવિરત પણે કરી રહી છે. આ સભાના લાઈબ્રેરી વિભાગનો લાભ દરેક લઈ શકે છે. તેમ જ લાઈબ્રેરી હોલના ડોનરશ્રી રમણિકભાઈએ આપેલ દાનની સરાહના કરી હતી. ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઈ સલોતે આ સુઅવસરે આવેલ સંદેશાઓનું વાંચન કરેલ. સંસ્થાના મંત્રીશ્રી ભાસ્કરભાઈ વકીલે પોતાના પ્રવચનમાં અભ્યાસાર્થીઓને ભવિષ્યમાં ઉચ્ચ ગુણાંક ક્ષમતા જાળવી રાખવા અને સમય સાથે તાલ મિલાવવા અનુરોધ કરેલ. ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ -- ઘાટકોપર -- મુંબઈ હ.શ્રી રજનીભાઈ ગાંધીના સહયોગથી કોલેજમાં અભ્યાસ કરતાં આપણા સમાજના ૪૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શૈક્ષણિક સહાય પ્રાપ્ત થયેલ છે. સંસ્કૃત વિષયમાં ધો.૧૦માં ૮૦ કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર ૪૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોને મોમેન્ટો, અભિનંદન પત્ર તથા રોકડ પુરસ્કાર આ સભા તરફથી અપાયેલ.

મુખ્ય મહેમાન ડો.શ્રી રમણિકભાઈ મહેતા વતી ડો.શ્રી પંકજભાઈ મહેતાએ સભાની આ માનદ્ સેવાઓને બીરદાવી હતી અને સભામાં સાહિત્યનો જે અમૂલ્ય ખજાનો છે તે ખૂબ જ ઉપયોગી છે, તેનું વધુને વધુ જતન કરવા ઉપર ભાર મુકેલ.

સભાના કાર્યવાહકો સર્વશ્રી કાંતિભાઈ સલોત, ભૂપતભાઈ શાહ, હર્ષદભાઈ સલોત, ચીમનભાઈ શેઠ, પ્રવિણભાઈ સંઘવી, નટુભાઈ શાહ તથા વાલીઓ અને નિમંત્રિતોની હાજરીથી સમગ્ર સમારોહ પ્રેરણાદાયી બન્યો હતો.

સમગ્ર સમારોહ વ્યવસ્થા સભાના મેનેજર મુકેશભાઈ સરવૈયા તથા આસીસટન્ટ યોગેશભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ.

*—ભાસ્કરરાય વકીલ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણકની આરાધના કેવી રીતે કરશો

*—રજૂકર્તા : દિવ્યકાંત એમ. સલોત*

મહાનુભાવો! વિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર દેવો પાસે સાંભળ્યું છે કે ગતચોવીશીમાં આ ભરત ક્ષેત્રના નવમાં તીર્થપતિ શ્રી દામોદર ભગવાનના શાસનમાં પરમકૃપાલુ પરમાત્માની વાણીના પવિત્ર રંગે રંગાયેલા શ્રી અષાઢી શ્રાવકે ભગવાનને પૂછ્યું હતું, 'ભગવાન! મારો મોક્ષ ક્યારે થશે?'

મેઘસમાન ગંભીર વાણીથી અષાઢી શ્રાવકને સંબોધતા ભગવાને કહ્યું કે, 'હે શ્રાવક શ્રેષ્ઠ! આગામી ચોવીશીના તેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં તેઓશ્રીજીના ગણધર થઈ તમે મોક્ષે જશો. હે અષાઢી! પ્રત્યેક તીર્થંકરો બળ, અતિશય, જ્ઞાન, ધી, શ્રી આદિ ગુણોથી સમાન હોવા છતાં આ અવસર્પિણી કાલમાં પુરૂષોમાં, પુરૂષાદાનીય પ્રગટ પ્રભાવી તરીકે પરમતારક પાર્શ્વનાથ પ્રભુ પ્રસિદ્ધિને પામશે. તેમનાં એક હજાર ને આઠ પ્રભાવી નામો પ્રસિદ્ધ થશે. દામોદર તીર્થંકરની વાણી સાંભળી પોતાના પરમોપકારી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા ભરાવી શ્રી અષાઢી શ્રાવક ત્રિકાળ ભાવપૂર્વક પૂજા કરવા લાગ્યા, કાલક્રમે તેઓ મરણ પામી સ્વર્ગે ગયા. પોતાના ઉપકારી દેવની પ્રતિમા પણ દેવલોકમાં લઈ જઈ ત્યાં, ભક્તિભાવ પૂર્વક પૂજા કરવા લાગ્યા. તે પછી સૂર્યના વિમાનમાં, ચંદ્રના વિમાનમાં અને બારે દેવલોકમાં પણ તે પ્રતિમાજી પૂજાયાં છે. અસંખ્ય દેવ, દેવીઓ અને નરનારીઓએ પ્રભુની ભાવપૂર્વક સ્તવના કરી છે.'

ભાવી કાળમાં તે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધિને પામવાનાં છે.

આથી સુવર્ણ મંદિર બનાવી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી પધરાવી સાઠ હજાર વર્ષ સુધી નમિ અને વિનમિએ પ્રભુની સેવા ભક્તિ કરી. પ્રાન્તે ભગવાન રૂષભદેવની પાસે સંયમ ગ્રહણ કરી, દીર્ઘચારિત્ર પર્યાય પાળીને શત્રુંજય પર્વતપર બે ક્રોડ મુનિરાજોની સાથે ફાગણ સુદી ૧૦ ને દિવસે મોક્ષે પધાર્યા.

## પોષ દશમીની આરાધના

**માગશર વદિ નોમ--દશમ--અગીયારસ એમ ત્રણ દિવસ એકાસણા કરવા.**

નોમના દિવસે સાકરના પાણીનું અને દશમના દિવસે ખીરનું એકાસણું, આ બે દિવસ ઠામચોવિહાર એકાસણા કરવા અને અગીયારસના દિવસે અનુકૂળતા મુજબ એકાસણું કરવું. નોમ અને દશમ એ બે દિવસ 'શ્રી પાર્શ્વનાથાય અર્હતે નમઃ' અગિયારસના દિવસે 'શ્રી પાર્શ્વનાથાયઃ નમ' ની વીસ વીસ નવકાર-વાળી રોજ ગણવી. બારખમાસમણાં બાર સાથીયા, પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની ભક્તિ ભાવપૂર્વક શક્યતા મુજબ અંગ પૂજા અને અગ્ર પૂજા કરવી.

૦ શ્રી પાર્શ્વનાથ સ્વામી આરાધનાર્થે કાઉસગ્ગ કરૂં? (ઈરિયાવહિયં કર્યા પછી) આ પ્રમાણે બોલી બાર લોગસ્સ અથવા અડતાલીસ નવકારનો કાઉસગ્ગ કરવો લોગસ્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ચંદેસુનિમ્મલયરા' સુધી બોલવો.

દશ વર્ષ સુધી આ રીતે આરાધના કરનાર ભવ્યાત્મા કર્મજન્મ અનેક જાતની આધિ વ્યાધિ ઉપાધિમાંથી જલ્દી મુક્ત બને છે અને શાશ્વત શિવધામને મેળવવા ભાગ્યશાળી બને છે.

આરાધનામાં બે ટાઈમ પ્રતિક્રમણ ત્રણ ટાઈમ, દેવ વંદન પણ કરવા જોઈએ.

પોષ દશમીની આરાધના દ્વારા મહાભાગ્યશાળી શ્રી સુરદત્ત શ્રેષ્ઠી જે સામગ્રીને પામ્યા તેનો રસિક ઈતિહાસ પણ જોવા જેવો છે.

સુરેન્દ્રપુરના ઉદ્યાનમાં સમિતિ ગુપ્તિ સાધક આચાર્ય શ્રી જયઘોષસુરિજી મહારાજા પધાર્યા છે. તે વખતે દરિદ્રતાની સાક્ષાત્ મૂર્તિ જેવો સુરદત્ત શ્રેષ્ઠી પણ ત્યાં આવેલો છે, દરિદ્ર નારાયણ જેવા તેના હાલ છે. એના અંતરમાં ઉલ્કાપાત મચી રહ્યો છે. ગુરુદેવની દેશના સાંભળી, વાણી સુધાનું પાન કરી પાવન બનેલો સુરદત્ત એકાન્તમાં ગુરૂદેવને પૂછે છે.

'ગુરુદેવ! અનર્ગલ લક્ષ્મીનો હું સ્વામી હતો પણ આજે મારી પાસે કાણી કોડી પણ રહી નથી. મારા દુઃખની દાસ્તાન રજુ કરતાં શબ્દોની શરવાણી પણ સૂકાઈ જાય એમ છે. દુઃખ અને દર્દમાં બેહાલ બનેલા મને કોઈ ઉપાય બતાવો.'

'મહાનુભાવ! લક્ષ્મી આવે અને જાય એ કોઈ મોટી વાત નથી આજનો ભિખારી કાલે તવંગર બની જાય. આજનો રાજા કાલે રસ્તાનો રઝડતો રંક પણ બની જાય. એવી વિષમ સ્થિતિમાં ધર્મને સમજેલો આત્મા કદી વિષાદ ધારણ કરે નહિ. છતાંય તમારી આત્મશુદ્ધિ માટે તમારે પોષ દશમીની આરાધના કરવી જોઈએ પ્રભુ પાર્શ્વનાથના પ્રકટ પ્રભાવના પ્રતાપે તમે સર્વ અભીષ્ઠ વસ્તુને અનાયાસે પ્રાપ્ત કરશો.' આચાર્ય જયઘોષસૂરિજી ગંભીર ધ્વનિથી બોલ્યા.

ગુરૂના વચનથી ગાંઠ વાળી તેજ દિવસથી પોષદશમીની આરાધનાના નિશ્ચય સાથે સુરદત્ત ઘેર ગયો.

માગશર વદિ નોમ, દશમ, અગિયારસના એકાસણા સાથે પ્રભુ પાર્શ્વનાથની આરાધના સુરદત્ત કરવા લાગ્યો. દશ વર્ષની તે આરાધના પૂર્ણ થતાંજ, કાલકૂટ બેટમાં અટવાયેલા શેઠનાં સવાબસો વહાણ આપોઆપ શેઠને મળી ગયા. ઘરનાં ભંડારમાં સાપ અને વીંછી રુપે થઈ ગએલ અગીયાર ક્રોડ સોના મહોર પૂર્વવત્ બની ગઈ.

શેઠ શેઠાણી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેની અચલ અને અટલ ભક્તિવાળા બની જૈન ધર્મના પરમ ઉપાસક બન્યા રાજાએ તેમનું શ્રેષ્ઠીપદ નિર્ધનતાના કારણે લઈ લીધું હતું તે પણ પાછું આપ્યું.

લોકોમાં મહામહિમાશાલી પાર્શ્વનાથ પ્રભુનો મહિમા વધવા લાગ્યો. ઘણા ભાવુકો પણ આરાધનાના માર્ગે પ્રયાણ કરવાં તત્પર બન્યા. સુરદત્ત શેઠે આચાર્ય સુખેન્દ્રસૂરિજી મહારાજ પાસે સંયમને સ્વીકાર્યું. પુત્રે પણ પિતા પાછળ પાર્શ્વનાથની આરાધના ચાલુ રાખી સુરદત્તમુનિ પાર્શ્વપ્રભુ પર પૂર્ણ આસ્થાવાળા બની માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરતા આયુષ્ય પૂર્ણ થતાં દશમા પ્રાણિત દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં રાજકુમાર તરીકે અવતરી સંયમ સ્વીકારી મોક્ષે પધાર્યા.

આવો છે પાર્શ્વનાથ પ્રભુની આરાધનાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતાપ. આરાધનાના અમૃતને મેળવનાર મહા ભાગ્યશાળી આત્મા સંસારના વિષમય વિષમ વાતાવરણમાંથી જલ્દી ઉગરી જાય છે પોષદશમીની આરાધના કરનાર આત્માએ દર કૃષ્ણ પક્ષની દશમીએ એકાસણું કરી, પાર્શ્વનાથ પ્રભુની ૨૦ નવકારવાળી ગણવી જોઈએ, પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓનો પણ આદર કરવો જોઈએ જેનાથી આરાધના જલ્દી ફળે.

તીર્થની યાત્રા કરનાર કે તીર્થંકરની આરાધના કરનાર આત્માએ સામાન્યતઃ અભક્ષાદિના ત્યાગી, રાત્રીભોજનના ત્યાગી બનવું જોઈએ. કંદમૂળ, રાત્રીભોજન, બહારની અભક્ષ ચીજો આત્માને આરાધનાથી વિમુખ બનાવે છે. આત્મતત્વની અધોગતિને નોતરાવે છે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

સમાધિ અને બોધિની પ્રાપ્તિ માટે પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ નામમાંથી પણ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના નામનો જાપ કલિકાલમાં કલ્પતરું સમાન વિશેષતઃ ફળ આપનાર છે. કહેવાય છે કે પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય સાધુઓ કાળધર્મ પામી ઘણા ભવનપતિ દેવમાં ઉત્પન્ન થયા છે. ત્યાં પ્રભુ પ્રત્યે અવિરત રાગથી શાસન ભક્તિથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના મહિમાને વધારતા ભક્તોને ઈષ્ટ ફલ સિદ્ધિમાં સહાયક બને છે.

*(કલિકાલ કલ્પતરૂ પુસ્તકમાંથી સાભાર)*

# સાહિત્ય સમાલોચના

શ્રી તત્ત્વાર્થધિગમસૂત્રમઃ---રચયિતા વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજ, અનુવાદકાર મુનિરાજશ્રી રામવિજયજી મ., વિવેચનકાર ગાંધી ચીમનલાલ દલસુખભાઈ, સંપાદક તથા પ્રેરક આચાર્યશ્રી કુન્દકુન્દસૂરિશ્વરજી મ.સા. પ્રકાશક શ્રી ધુરંધરસૂરિ સમાધિ મંદિર, શાંતિવન બસ સ્ટેશન પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૭ કિંમત રૂ. ૪૫।-

સં. ૨૦૦૪માં પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયા બાદ સં. ૨૦૫૭માં આ દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન પૂ.આ.શ્રી કુંદકુંદસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી કરવામાં આવેલ છે.

જૈન જૈનેતર કોઈ એક જ પુસ્તકમાંથી જૈન ધર્મ સંબંધી માહિતી મેળવવા ઈચ્છે તો તેની ઈચ્છા સંતોષવા માટે જૈન વાડમયમાં આ એક જ પુસ્તક છે.

ગ્રંથ સંકલનમાં સૂત્રકારની જે વિશિષ્ટતા છે તે તેમની પ્રતિભાની સૂચક છે. તેની આદિ અને અંતની કારિકા પણ ભાવમય છે. સૂત્રકારે એકપણ દાર્શનિક વિષય ચર્ચવો બાકી રાખ્યો નથી. તેટલા તે સૂક્ષ્મ સંગ્રાહક છે. રુચિ સંપન્ન જિજ્ઞાસુ આમાથી ક્ષીરનીર ન્યાયે સાર લઈ તેને જીવનમાં ઉતારશે તો તેનું આત્મકલ્યાણ થયા વિના રહેશે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંપ્રદાયિકતાનાં ચશ્માં પહેરીને જોનારને ભગવાન મહાવીર દેખાશે નહીં !

*—કુમારપાળ દેસાઈ*

યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ આજથી સુડતાલીશ વર્ષ પૂર્વે જૈનોની એકતા માટે આર્તહૃદયનો પોકાર કર્યો. નાનો ધર્મ, એમાં કેટલાય ફિરકાઓ અને તેમાંય ગચ્છો એ બધાને એક થવાનું કહેતા એમણે આલેખેલા માર્મિક વિચારો આજે પણ પથદર્શક છે. તેઓ કહે છે...

આમ તો બધા ફિરકાના જૈન લોકો ભગવાન મહાવીરને પોતાના માને છે. પરંતુ અલગ અલગ રૂપથી દિગંબર સંપ્રદાયનું કહેવું છે કે અમારા ભગવાન મહાવીર બીજા હતા. દિશા જ એમના વસ્ત્ર હતા. જ્યારે શ્વેતાંબર સંપ્રદાયનું કહેવું છે કે એમણે એક દેવદૂષ્ય ધારણ કર્યું હતું. જ્યારે પાછળથી એને એકદમ છોડી દીધું. વળી સ્થાનકવાસી સંપ્રદાય અને મૂર્તિપૂજક સંપ્રદાયમાં ભગવાન મહાવીરને જુદા જુદા રૂપના માનવામાં આવે છે. કોઈ ભગવાન મહાવીરને આજન્મ બ્રહ્મચારી માને છે, કોઈ વિવાહિત થઈને દીક્ષા લેવાની વાત પર ભાર મૂકે છે. કોઈ કહે છે...ભગવાન મહાવીરે તો નગ્ન તત્વનું જ પ્રતિપાદન સાધુઓ માટે કર્યું હતું. જ્યારે શ્વેતાંબર સંપ્રદાયનું કહેવું છે કે ભગવાન મહાવીરે સચેલક અને અચેલક બંને સાધનાઓ બતાવી હતી. મતલબ એ છે કે ભગવાન મહાવીરના વિષયમાં જ્યારે અલગ અલગ મતભેદ ચાલી રહ્યા છે ત્યારે મારે કહેવું જોઈએ કે આપણે વિભિન્ન ફિરકાના લોકો જૈન હોવા છતાં પણ અને ભગવાન મહાવીરને પોતાના આરાધ્યદેવ તીર્થંકર માનવા છતાં પણ યોગ્ય રૂપમાં એમને સમજી નથી શક્યા. કારણ કે ભગવાન મહાવીર તો એક જ થયા છે અને કદાચ એમને બધા ફિરકાના લોકો સારી રીતે સમજી શક્યા હોય તો બધાના ભગવાન મહાવીર એક જ હોવા જોઈએ. જ્યાં સુધી આપણે સાંપ્રદાયિકતાના ચશ્મા લગાવીને ભગવાન મહાવીરને જોતાં રહીશું, ત્યાં સુધી તેઓ આપણને સાચા રૂપમાં સમજમાં નહિ આવે.

હું કહું છું કે ભગવાન મહાવીર અમુક સંપ્રદાય અથવા ફિરકાના નથી. ભગવાન મહાવીર તો એના છે, જે એમના અનેકાંત, અહિંસા, અપરિગ્રહ, ક્ષમા વગેરે સિદ્ધાંતોને સારી રીતે સમજે છે અને જીવનમાં ઉતારે છે. જે પોતાની જાતને ભગવાન મહાવીરના અનુયાયી કહેતા હોય, પરંતુ એમના દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો અને વિભિન્ન શ્રેણીના લોકોના માટે બનાવવામાં આવેલ ધર્માચરણના ઉપદેશને જીવનમાં ન ઉતારવા હોય, પરંતુ પોતાન હાથે જ એ સિદ્ધાંતોનું ગળું દાબી દેતા હોય તો તે ભગવાન મહાવીરના વાસ્તવિક અનુયાયી નથી. પરંતુ જે ખુદને ભગવાન મહાવીરના અનુયાયી ન કહેતા હોય, પરંતુ એમના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતો અને ઉપદેશો અનુસાર ચાલતા હોય તો તે ભગવાન મહાવીરના સાચા અનુયાયી છે.

પરંતુ મારે કહેવું જોઈએ કે આજે જૈનોમાં સંપ્રદાયવાદતાના કારણે જે પરસ્પર ફિરકાબાજી, રાગદ્વેષ, ઝઘડા વગેરે પ્રવર્તમાન છે એ જોઈને શું કહી શકાય કે તેઓ ભગવાન મહાવીરને બરાબર રૂપમાં સમજ્યા છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા આપસના અનૈક્ય અને સાંપ્રદાયિકતાને છોડીને તટસ્થ અને સમન્વય બુદ્ધિથી જ આપણે ભગવાન મહાવીરને સાચા અર્થમાં સમજી શકીએ અને એમના બતાવેલા અનેકાંતવાદને જીવનમાં ઉતારીને જ અથવા વિચાર-આચાર-સહિષ્ણુતા ધારણ કરીને જ ભગવાન મહાવીરની સાચી રીતે પૂજા અથવા આરાધના કરી શકીએ.

વાસ્તવમાં જોઈએ તો જૈનનો અર્થ જ થાય છે રાગ-દ્વેષ વિજેતાઓનો અનુયાયી. જો જૈન થઈને આપસના સંઘર્ષ, કલેશ, દ્વારા રાગદ્વેષ વધારવાનો પ્રયત્ન કરે છે તો તે નામનો જૈન છે, સાચો જૈન તો કોઈપણ પ્રાણીને પોતાના વ્યવહારથી દુ:ખી નથી કરતો એટલે તો હું વારંવાર એ વાત પર જોર આપતો રહું છું કે ભલે આપણા સંપ્રદાય અથવા ગચ્છ અલગ હોય, પરંતુ આપણામાં વિચાર સહિષ્ણુતા, આચાર સહિષ્ણુતા અને સમન્વય બુદ્ધિ રહેશે તો આપણે બધા અનેકરૂપ હોવા છતાં પણ એક રહીશું. અર્થાત્ આપણી અનેકરૂપતાથી પૃથક્તા પેદા ન થતાં એકતા પેદા થશે. આ રીતના વ્યવહારથી જ આપણે સાચા અર્થના અનેકાંતવાદી જૈન કહેવાઈ શકીશું.

એકતામાં કેટલી શક્તિ છે, એનાથી તો તમે સારી રીતે પરિચિત છો. રેલગાડીમાં ડબ્બા અલગ અલગ હોવા છતાં પણ એન્જિનની સાથે જ્યારે પરસ્પર એક સાથે જોડાય જાય છે, તો હજારો ટન બોજ ખેંચીને લઈ જાય છે. હજારો યાત્રીઓને એક સ્થાનથી બીજા સ્થાન પર પહોંચાડી દે છે. જો તે ડબ્બા એન્જિનની સાથે ન જોડાય અને એક લાઈન પર ન મળે તો શું? તે જુદા જુદા રહીને કંઈ પણ ભાર ન ખેંચી શકે અથવા યાત્રીઓને નિર્ધારિત સ્થાન પર પહોંચાડી પણ ન શકે. એટલે કે હું કહું છું કે ભગવાન મહાવીરરૂપી અથવા જૈનધર્મરૂપી એન્જિનની સાથે બધા સંપ્રદાય અથવા ફિરકારૂપી ડબ્બા વિચાર સહિષ્ણુતા અને આચાર સહિષ્ણુતાના બંને સમાન પાટા પર એક સાથે જોડાય જાય, મળી જાય તો તે ગચ્છસંપ્રદાયરૂપી ડબ્બા મોક્ષના યાત્રિઓને સકુશળ પોતાના નિર્દિષ્ટ સ્થાન પર પહોંચાડી શકશે. હજારો ધર્મધુરંધરોના જીવનની મુશ્કેલીઓનો બોજો ખેંચીને એમને માનસિક દુ:ખથી મુક્ત કરી શકશે.

*(ગુજરાત સમાચાર તા. ૬-૯-૦૧ના આગમ-નિગમ વિભાગમાંથી જનહિતાર્થે સાભાર)*

## શોકાંજલિ

❀ શ્રી જયંતીલાલ છોટાલાલ બારભાયા (ઉ.વ.૭૯) અલંકાર ફર્નીચરવાળા ગત તા. ૨-૧૧-૦૧ને શુક્રવારના રોજ ભાવનગર મુકામે અરહિંતશરણ પામેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ--પરિવાર ઉપર આવી પડેલ આ દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

❀ શ્રી શાંતિલાલ ફતેચંદ શાહ (એસ.એફ.ઉ.વ.૭૧) ગત તા. ૧૭-૧૧-૦૧ને શનિવારના રોજ ભાવનગર મુકામે અરિહંત શરણ પામેલ છે. તેઓશ્રી આ સભાના પેટ્રન મેમ્બર હતા. સભા તથા સ્થાનિક અન્ય સંસ્થાઓ સાથે તેઓશ્રી સંકળાયેલા હતા. તેમના અવસાનથી જૈન સમાજમાં તેમની ખોટ પડી છે.

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. જૈન આત્માનંદ સભા, ખારગેટ, ભાવનગર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * વિશ્વ વ્યવસ્થા *

*લેખક : નરોત્તમદાસ અમુલખરાય કપાસી (એડવોકેટ--મુંબઈ)*

(ગતાંકથી ચાલુ)

પરમાણુઓનું અથવા પદાર્થોનું એકઠા થવાનું કાર્ય, 'ચય' તરીકે ઓળખાય છે.

એથી વિશેષ પ્રકારે એકઠા થવાની ક્રિયાને 'ઉપચય' કહેવામાં આવે છે.

પરમાણુંઓ અથવા પદાર્થોની છૂટા પડવાની અથવા હ્રાસ થવાની ક્રિયાને 'અપચય' કહેવામાં આવે છે.

પરમાણું એક સમ્યથી આરંભીને અસંખ્યાત કાળ સુધી નિષ્કંપ રહી શકે છે.

પુદ્‌ગલનો સ્વભાવ પૂરણ--ગલનનો છે. પરમાણુંઓ એમાં એકઠા થાય છે અને વિખરી પણ જાય છે.

જેમ બાળક વૃદ્ધત્વ પામતાં સુધી સતત પરિવર્તનશીલ છે છતાં એ બાળકનો અને વૃદ્ધનો દેહ એક જ રહે છે. બાલ્યાવસ્થામાં એ દેહમાં જે આત્મા વર્ત્તી રહ્યો હતો તે જ આત્મા વૃદ્ધાવસ્થામાં પણ એ દેહમાં જ વર્ત્તી રહ્યો હોય છે, જે મન એ બાળકની બાલ્યાવસ્તામાં પણ એની સાથે હતું એજ મન વૃદ્ધાવસ્થામાં પણ એની સાથે જ હોય છે.

જગત સતત પરિવર્તન શીલ છે છતાં જે જગત યુગો પહેલા હતું એ જ જગત આજે પણ છે, યુગો પહેલાં જે ચૈતન્ય અને જે અચૈતન્ય જગતમાં હતું તે આજે પણ છે. નથી એ ચૈતન્ય વિલિન થયું કે નથી એ અચૈતન્ય વિલીન થયું.

યુગો પહેલા માનવોથી અને પશુ-પંખીઓથી વસેલું એ જગત આજે પણ માનવી અને પશુ-પંખીઓથી ભર્યું પડ્યું છે.

યુગો પહેલા પુદ્‌ગલોથી ભરપૂર રહેલું જગત આજે પણ પુદ્‌ગલોથી ભરપૂર છે, નથી માનવ વિહોણું જગત બન્યું, નથી પશુ-પંખી વિહોણું જગત બન્યું અને પદાર્થ વિહોણું જગત બન્યું.

પરિવર્ત્તનશીલ જગત પણ છે તો શાશ્વત એમાં રહેલાં ચૈતન્ય અચૈતન્ય, માનવો, પશુ-પંખીઓ, પદાર્થો વિગેરે શાશ્વત છે.

બાહ્ય સ્વરૂપમાં થતું પરિવર્ત્તન, વસ્તુના મૂળ સ્વરૂપમાં પરિવર્ત્તન નથી કરી શકતું જગતનુ મૂળ સ્વરૂપ જે, યુગો પહેલા હતું, તે જ આજે છે.

યુગો પહેલા જે આકાશમય આ જગત હતું તે જ આકાશ આજે પણ છે. યુગો પહેલા જે પૃથ્વી અને પાણી, જે તેજ, વાયુ અને વનસ્પતિ જગતમાં હતાં તે આજે પણ છે જ.

આકાશ વિનાનું જગત કલ્પી શકાતું નથી. પૃથ્વી અને પાણી વિનાનું જગત કલ્પી શકાતું નથી. તેજ, વાયુ, અને વનસ્પતિ વિનાનું જગત કલ્પી શકાતું નથી.

યુગો પહેલા જો આ જગત હતું તો યુગો પછી એ નહિ હોય એવી કલ્પના કરવા માટે કોઈ જ કારણ નથી, જે હતું તે છે અને જે છે તે રહેશે.

ભૂતકાળ સમક્ષ દૃષ્ટિ કરીશું તો તે અસીમ અગાધ અને અનંત જણાશે. જગત ક્યારે નહોતું ! જેવું વિશાળ જગત આજે છે. એવું જ ગઈકાલે હતું. વર્ષો પહેલા, યુગો પહેલા તે એટલું જ વિશાળ હતું. સચરાસર જગતને માનવો અને દેવો, પશુઓ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંખીઓ યુગો પહેલા પણ શોભાવી રહ્યાં હતા. પૃથ્વી અને પાણી, વરૂણ, વાત અને વનસ્પતિ, વિશ્વમાં ક્યારે ન હોતા?

માનવ કલ્પનાની વિશાળતામાં વિશ્વના ભૂતકાળની વિશાળતા સમાય છે. જગત અનુપમ છે. નથી એની કોઈ આદિ અને નથી એનો કદી અંત. સદાકાળ એ હતું અને સદાકાળ એ રહેશે. જગતમાંની પ્રત્યેક વસ્તુઓ સનાતન છે. બધુંયે છે, છે અને છે, જગત આખું યે છે, છે અને છે.

ક્યો એવો કાળ હશે કે જયારે દિવસ અને રાત્રિ નહિ હોય? ક્યો એવો કાળ હશે કે જયારે પ્રભાત અને સંધ્યા નહિ હોય? ક્યો એવો કાળ હશે કે જયારે કાળ નહિ હોય? ક્યારેય કાળ નહોતો એમ કેમ કલ્પી શકાય? કાળ સદાકાળ હતો એમ ઉત્તર મળે છે. તે સદા હતો અને સદા રહેશે. પરિવર્તન થયા કરે છે કાળના બાહ્ય સ્વરૂપનું આત્માના બાહ્ય સ્વરૂપનું અને પુદ્ગલના બાહ્ય સ્વરૂપનું.

ક્યારેક પ્રગતિનો કાળ હોય છે અને ક્યારેક અધોગતિનો. ક્યારેક સમય સુખદ હોય છે અને ક્યારેક દુઃખદ. કાળનું એ પરિવર્તન પણ નિયમાધિન હોય છે. જૈન દષ્ટિએ કેટલાક ક્ષેત્રોમાં કાળ સર્વદા એક સ્વરૂપે હોય છે.

ભરત ક્ષેત્રમાં કાળનું પરિવર્તન ક્રમપૂર્વક થાય છે. ગાડીના જેવી એની ગતિ છે. એથી જ ચક્રની સાથે કાળની સરખામણી થાય છે. અમુક સમય મર્યાદાને કાળ-ચક્ર કહેવાય છે.

જે કાળમાં ક્રમશઃ પ્રગતિ સધાય છે. તે કાળ ઉત્સર્પિણી તરીકે લેખાય છે. જે કાળમાં ક્રમશ અદોગતિ થાય છે તેને અવસર્પિણી કાળ કહેવાય છે. પ્રગતિ અથવા અવગતિની દષ્ટિએ ઉત્સર્પિણી તથા અવસર્પિણી, બન્ને કાળના છ છ ભેદ છે. શાસ્ત્રીય પરિભાષામાં તેને છ આરા તરીકે ઓળખવામાં આવે છે.

અખિલ વિશ્વનું અનાદિ અસ્તિત્વ કોઈ માનવની મર્યાદિત બુદ્ધિમાં ન ઉતર્યું. દશ્ય વસ્તુઓની આદિ એણે નિહાળી. દશ્ય વસ્તુઓનો અંત એણે એના ચર્મચક્ષુ વડે જોયો, પરિણામે એણે કલ્પના કરી કે જગત સાદ્યંત છે.

એ માનવની મર્યાદિત બુદ્ધિએ થાપ ખાધી જયાં એણે વસ્તુની આદિ જોઈ ત્યાં વસ્તુની આદિ નહોતી. જયાં એણે વસ્તુનો અંત જોયો ત્યાં વસ્તુનો અંત નહોતો, આદિ હતી. માત્ર વસ્તુના બાહ્ય સ્વરૂપની. અંત હતો માત્ર વસ્તુના બાહ્ય સ્વરૂપનો.

મેઘ વરસ્યો અને જળની આદિ એ બુદ્ધિએ કલ્પી, જળ સુકાયું અને અંત કલ્પ્યો. એ બુદ્ધિ ન જોઈ શકી કે જે પાણીના પરમાણુંઓ આકાશમાં હતા તે જ પરમાણુંઓએ પાણીનો આકાર ધારણ કર્યો અને પાણી સૂકાવાની સાથે વરાળ રૂપે બન્યા. બાહ્ય સ્વરૂપ બદલાયા કર્યું. માનવીની પરિમિત બુદ્ધિ એ ન સમજી શકી, એથી એણે વસ્તુના આદિ અને અંતની ભ્રામક માન્યતા ઉત્પન્ન કરી.

જે મર્યાદિત બુદ્ધિએ વિશ્વની આદિ કલ્પી, એણે જોયું કે જયાં આદિ છે ત્યાં કોઈની કૃતિ છે. જગતની જો આદિ છે તો તે પણ કોઈની કૃતિ હોવી જ જોઈએ. એ બુદ્ધિએ જગત કર્ત્તાની કલ્પના કરી. એ બુદ્ધિ તર્ક વિહોણી હતી. જગત કર્તા આદિ છે કે અનાદિ એ વિચારવાની એણે દરકાર ન કરી. જગતની આદિ સિદ્ધ કરવાના પ્રયાસમાં જગત કર્ત્તાની અનાદિતા આવીને ઉભી રહી. અનાદિતા તો એ બુદ્ધિને પણ સ્વીકાર્યા વિના ન ચાલ્યું.

જગત કર્તાની કલ્પના સ્વીકૃત થઈ એટલે એ બુદ્ધિએ જગતની વ્યવસ્થા સમક્ષ નજર નાંખી, એને વિશાળ વ્યવસ્થા દેખાઈ. વિશાળ અવ્યવસ્થા પણ દેખાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે વિશાળ વ્યવસ્થા એણે નિહાળી તે કોઈ એક માનવીની શક્તિની બહાર હતી, તે એ બુદ્ધિ સમજી શકી, એણે જગન્નિર્યાતાની પણ કલ્પના કરવી પડી.

કોઈક મતિમંદ માનવીએ માન્યું કે જગત કર્ત્તા એ જ જગત નિર્યતા હોઈ શકે. કોઈક મતિમંદ માનવીએ માન્યું કે જગત કર્ત્તા કોઈ નથી. પરંતુ જગત નિર્યતા જરૂર છે વિવિધ કલ્પનાઓ વહેતી મૂકાઈ. સામાન્ય માનવની મતિ મુંઝાઈ ગઈ.

જે બુદ્ધિએ વિશ્વમાં વ્યવસ્થા અને અવ્યવસ્થા, બન્ને, નિરખ્યા, એણે વ્યવસ્થા માટે જગત કર્ત્તા અને જગત નિર્યતાની અનંત શકિત નિહાળી અને એના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી. પરંતુ અવ્યવસ્થા માટે તો અનંત શક્તિવંત જગત કર્ત્તા અને જગત નિર્યતાને તે દોષ ન આપી શકી, એથી એણે એ જવાબદારી માનવીના શીરે નાખી. માનવી વિધ વિધ પ્રકારે કાર્યો કરે છે. તેથી જગતની અવ્યવસ્થા માટે માનવી જ જવાબદાર હોઈ શકે, માનવીના કર્મ મુજબ પરિસ્થિતિઓ અને સંયોગો સર્જાય છે. માનવી સત્કર્મ કરે તો સારું સર્જન થાય છે અને દુષ્કર્મ કરે તો નરસું સર્જન થાય છે.

વળી એ બુદ્ધિએ જોયું કે માનવી એની અભિલાષા મુજબ સત્કર્મ અથવા દુષ્કર્મ કરે પરંતુ એનું ફળ પ્રાપ્ત કરવાનું તો એની શકિતની બહારનું છે, પરિણામે કર્મ કરવાની જવાબદારી માનવીની રહી અને તેનું ફળ આપવાની જવાબદારી તો અનંત શકિતવંત ઈશ્વરને અપાઈ.

વળી કોઈ બુદ્ધિમાને નિહાળ્યું કે માનવી જે કર્મ કરવા ઇચ્છે છે તે કર્મ તે કરી શકતો નથી. માટે કર્મ કરવાની શકિત પણ ઈશ્વરેચ્છા મુજબ જ હોય, એમ કલ્પના કરી....

વિવિધ કલ્પનાઓ ચિંતકોની બુદ્ધિએ કરી. એ કલ્પનાઓનાં જંગલમાં સામાન્ય માનવીની મતિ મૂંઝાઈ ગઈ. પરિણામે અજ્ઞાનની અંધારી અટવીમાં સૌ અટવાય છે, અજ્ઞાનના અંધારાકૂપમાં સૌ ડૂબે છે. પ્રકાશ પાથરનાર શોધ્યો જડતો નથી.

એ પરિસ્થિતિમાં પરમાત્મા માનવીને સાંત્વન આપે છે. માનવીને પરમાત્મા જ્ઞાન આપે છે. બોધ આપે છે. પરમાત્મા પ્રરૂપણા કરે છે કે ઇન્દ્રિયોને અગોચર પુદ્ગલો આ જગતમાં છે.

વિવિધ પ્રકારના પુદ્ગલોમય આ વિશ્વ છે. કોઈ પુદ્ગલો દૃષ્ટિને ગોચર છે તો કોઈ અગોચર છે.

મનોવર્ગણાના પુદ્ગલો, શબ્દ વર્ગણાના પુદ્ગલો, કર્મવર્ગણાના પુદ્ગલો વિગેરે અનેક પ્રકારના અનંત પુદ્ગલો દૃષ્ટિને અગોચર છે. માનવી ભલે એ પુદ્ગલોને નિહાળી ન શકે પરંતુ તે પુદ્ગલોને પ્રતિસમય માનવી ગ્રહણ કરે છે. તે પુદ્ગલો આત્માને આલિંગે છે અને આત્માનું ભાવિ નિર્ણીત કરે છે.

જગતના સૌ જીવોને કર્મ પુદ્ગલો નચાવે છે. અને આધીન રહ્યા છે સૌ પ્રાણીઓ એની આજ્ઞાને નથી લોપી શકતા, માંધાતાઓને પણ દુઃખ એ આપે છે, સુખ એ આપે છે. પ્રીતિ એ કરાવે છે, અપ્રીતિ એ જન્માવે છે. કીર્તિની ટોચે તે ચડાવે છે અને ત્યાંથી પટકે છે પણ તે મહત્તા એ આપે છે અને ઝુંટવી પણ એ જ લ્યે છે. એના આપ્યા આવે છે બુદ્ધિ અને ડહાપણ. એના આપ્યા આવે છે મૂર્ખાઈ અને ગાંડપણ. જીવાડે છે એ અને મૃત્યુ પમાડે છે પણ એ જ. અનંત શકિત ભરી છે એ પુદ્ગલોમાં પરંતુ આત્મ શક્તિની પાસે પુદ્ગલ શકિત પરાજિત થાય છે. એને પરાજિત કરવા માટે આત્માએ આંતર યુદ્ધમાં ઉતરવું રહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


*With Best Compliments*

*From*

**JACOB ELECTRONICS PVT. LTD.**

Mfrs. Audio cassette, componants and compect disc Jonrl box.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsNL.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ--શાંતિનો ઉપાય

---*શ્રી ગોવિંદભાઈ દરજી*

એક ધનવાન માણસને ધનનો અતિશય લોભ લાગ્યો. તેને રાત-દિવસ ધન જ દેખાતું પરંતુ અગાઉના દિવસો જેવું તેનું સુખ ગયું, શાંતિ ગઈ. તેની પત્ની ધર્મિષ્ઠ હતી. પતિને દુઃખી-અશાંત જોઈને તેને લાગી આવ્યું. તે ઉપાય માટે તેના કુળગુરુ પાસે ગઈ. કુળગુરુએ તેને તેના પતિને પોતાની પાસે લાવવાનું કહ્યું.

બીજે દિવસે તે સ્ત્રી તેના પતિને લઈને કુળગુરુ પાસે ગઈ. કુળગુરુએ એક કાચની શીશીમાં પાણી આપ્યું. એક દિવસમાં ચાર વખત ચાર ચાર પાણીનાં ટીપાં લેવાનાં અને ઈષ્ટદેવનું સ્મરણ કરવાનું સૂચવ્યું.

બંને ઘેર ગયાં. ધનવાન માણસે કુળગુરુનો આદેશ માથે ચડાવ્યો. તેની પત્ની તેમ કરાવવામાં કાળજી લેતી. દિવસમાં ચાર વખત ચાર ચાર પાણીના ટીપાં અને ઈષ્ટદેવનું સ્મરણ! દિવસ વીતતા લાગ્યા. પંદર દિવસ પૂરા થયા.

સોળમાં દિવસે બંને કુળગુરુ પાસે ગયા. કુળગુરુની સમીપ સ્થાન લીધું કુળગુરુએ જોયું તો ધનવાન માણસનો ચહેરો અગાઉ આવ્યા તે કરતાં પ્રસન્ન હતો. કુળગુરુએ ફરી પંદર દિવસ માટે શીશીમાં પાણી આપ્યું. બંને ઘેર ગયા. અગાઉની જેમ ધનવાન માણસમાં દિવસમાં ચાર વખત ચારચાર પાણીનાં ટીપાં લેતો અને પ્રભુનું નામ યાદ કરતો. તેના જીવનમાં અતિશય પરિવર્તન આવ્યું. તેને અગાઉના દિવસો જેવું સુખ અને શાંતિ મળવા લાગ્યાં.

બીજા પંદર દિવસ પૂરા થવા આવ્યા. મહિનામાસમાં તો ધનવાન માણસમાં કેવો ફેરફાર! 'હવે તો કુળગુરુને મળવા જવાનું છે ત્યારે તેમને ચરણે ધન અર્પણ કરીશ' એવું વિચારીને ધનવાન માણસ સમય થતાં કુળગુરુ પાસે ગયો. સાથે ખૂબ જ ધન લીધું! તેની સાથે તેની પત્ની પણ હતી. તેમણે કુલગુરુની પાસે જઈને સ્થાન લીધું. બાદ ધનવાન માણસ તેના કુળગુરુને ધન અર્પણ કરવા લાગ્યો.

કુળગુરુએ કહ્યું, 'મારે ધન શું કામનું? એવું ધન લઈને મારે દુઃખી નથી થાવું. એ ધન ગરીબ-ગુરબા માટે વાપરજો. પશુ-પંખીઓ માટે ઘાસચારા-ચણના ઉપયોગમાં લેજો. તો તમને એ ધન સુખ અને શાંતિ આપશે. ધનવાન માણસ કુળગુરુના વચનો સાંભળી ભાવ-વિભોર થઈ ગયો! તેની પત્નીની આંખમાં હર્ષાશ્રુ આવ્યા. તેણે વિનમ્રતાથી કુળગુરુને પૂછ્યું, 'ગુરુજી, આપે પેલી કાચની શીશીમાં પાણી ભરીને અમને આપેલું એમાં એવું તે શું હતું?'

'બેટા, કઈ જ નહિ, ફક્ત પાણી જ હતું પરંતુ તેનો દિવસમાં ચાર વખત ઉપયોગ કરવાના બહાના હેઠળ પ્રભુને યાદ કરાવવાનો હેતુ હતો!

પત્ની, પ્રસન્ન થઈ. તેનું માથું કુળગુરુના ખોળામાં નમી ગયું. ધનવાન માણસ પણ એ કુળગુરુને વંદી રહ્યો!

*(દિવ્યધ્વનિ માસિકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૦૧ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

अशुद्धचिताद् वाग्देहौ प्रवर्तेते अशुद्धिकौ ।
शुद्धचित्ताच्च तौ शुद्धौ सर्वानुभवसम्मतम् ॥

卐

ચિત્તની અશુદ્ધ સ્થિતિમાં વચન અને શરીરની પ્રવૃત્તિ પણ અશુદ્ધ બને છે, અને ચિત્તની શુદ્ધ સ્થિતિમાં વચનપ્રવૃત્તિ તથા શરીરપ્રવૃત્તિ શુદ્ધરૂપે વર્તે છે. આ બધાના અનુભવની વાત છે. ૬

卐

It is well-known to all that the mind being impure, the activities of body and speech too be-come impure, and the mind being pure, they too become pure. 6

*(કલ્યાણભારતી ચેપ્ટર-૮, ગાથા-૬, પૃષ્ઠ-૧૮૨)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only